# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

Ref no. PN 2025-26/092 Dt. 07/08/2025

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે નવી દિલ્હી ખાતે ઇન્ડોનેશિયાના મિનિસ્ટર કાઉન્સીલર અને ઇથોપિયાના એમ્બેસેડર સાથે બેઠક કરી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, કાર્યવાહક માનદ્ મંત્રી શ્રી ભાવેશ ટેલર, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી સહિતના પ્રતિનિધિ મંડળ દ્વારા નવી દિલ્હી ખાતે ઇન્ડોનેશિયા એમ્બેસીના મિનિસ્ટર કાઉન્સીલર (ઇકોનોમિક) શ્રી દદાન્ગ હિદાયત (Minister Counselor (Economic) Embassy of Indonesia- Mr. Dadang Hidayat) તથા ઇથોપિયાના એમ્બેસેડર હીઝ એકસલન્સ મોલાલાઇન અસ્ફાવ (Dy. Head of Mission of Ethiopia H.E. Ambassador Molalign Asfaw) સાથે બે અલગ અલગ મહત્વપૂર્ણ બેઠક યોજવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ઇન્ડોનેશિયાના મિનિસ્ટર કાઉન્સીલર (ઇકોનોમિક) સાથે યોજાયેલી મિટીંગ ખૂબ જ માહિતીપ્રદ અને વિઝનરી રહી હતી. આ મિટીગ દરમિયાન ભારતમાં સુરત સહિત દક્ષિણ ગુજરાત અને ઇન્ડોનેશિયા વચ્ચેના દ્વિપક્ષીય વેપારીક સંબંધો, એક્ષ્પોર્ટ–ઇમ્પોર્ટ માટેની તકો અને બે દેશોના ઉદ્યોગોને પરસ્પર સહયોગના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

ખાસ કરીને સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ટેક્ષ્ટાઇલ, ડાયમંડ, જેમ એન્ડ જ્વેલરી, ફૂડ પ્રોસેસિંગ અને સ્મોલ મિડિયમ એન્ટરપ્રાઇઝીસ ડેવલપ થઇ રહયા છે ત્યારે આ ક્ષેત્રોમાં પરસ્પર સહયોગ માટે બંને પક્ષે મહત્વપૂર્ણ સંવાદ થયો હતો. આગામી તા. ૧૫થી ૧૯ ઓકટોબર ૨૦૨૫ દરમ્યાન ઇન્ડોનેશિયા ખાતે ૪૦મો ટ્રેડ એક્ષ્પોનું આયોજન થનાર છે. આંતરરાષ્ટ્રીય કક્ષાના આ એક્ષ્પોમાં ફૂડ એન્ડ બેવરેજીસ, એગ્રીકલ્ચર, મેન્યુફેકચરીગ

પ્રોડકટસ અને લાઇફ સ્ટાઇલ પ્રોડકટસનું પ્રદર્શન કરાશે, આથી ઇન્ડોનેશિયાના મિનિસ્ટર કાઉન્સીલરે ચેમ્બરના નેજા હેઠળ સુરતના ઉદ્યોગ સાહસિકો ભાગ લઇ શકે તે માટે અનુરોધ કર્યો હતો. ચેમ્બર પ્રમુખે તેઓને સુરતના વિવિધ સેકટરના ૩૦થી ૪૦ ઉદ્યોગ સાહસિકોના બિઝનેસ ડેલીગેશનને ઇન્ડોનેશિયા ખાતે ૪૦મો ટ્રેડ એક્ષ્પોમાં મોકલાશે તેવી ખાત્રી આપી હતી.

આ ઉપરાંત ચેમ્બરના ઓફિસ બેરર્સ દ્વારા ઇથોપિયાના એમ્બેસેડર હીઝ એકસલન્સ મોલાલાઇન અસ્ફાવ (Dy. Head of Mission of Ethiopia H.E. Ambassador Molalign Asfaw) સાથેની મિટીગ પણ ખૂબ જ મહત્વપૂર્ણ રહી હતી. આ મિટીંગમાં ઇથોપિયા સાથેના વેપાર, રોકાણની તકો અને ઉદ્યોગ–ધંધાઓ માટે પરસ્પર સહયોગ વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ચેમ્બરના પ્રતિનિધિઓએ દક્ષિણ ગુજરાતના વિવિધ ઉદ્યોગો ખાસ કરીને જેમ એન્ડ જ્વેલરી, ટેકનિકલ ટેક્ષ્ટાઇલ્સ તથા ઔદ્યોગિક ડેવલપમેન્ટ વિષે ઇથોપિયાના એમ્બેસેડરને માહિતગાર કર્યા હતા. સાથે જ તેઓને સુરત ખાતે ચેમ્બર ઓફ કોમર્સ તથા વિવિધ ઉદ્યોગ–ધંધાઓની મુલાકાત માટે આમંત્રણ આપ્યું હતું.

આ બંને મિટીંગોના માધ્યમથી ચેમ્બર ઓફ કોમર્સે આંતરરાષ્ટ્રીય સ્તરે નવા સહયોગના માર્ગ ખોલવાના પ્રયત્નો કર્યા છે, જેનો લાભ દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓને ભવિષ્યમાં ચોકકસપણે મળશે.